## મતદાનની સાથે સાથે....

● ગરમીને લીધે સવારથી જ મતદાન મથકો પર મતદારોની કતાર લાગી.
● -ારંભિક તબક્કામાં જ તમામ મતદાન કેન્દ્રો પર ઊંચું મતદાન નોંધાયું.
● સે.૩ સરકારી શાળામાં ઈ.વી.એમ મશીન ખોટવાતા મતદાન -ક્રિયા અટવાઈ.
● સે.૨૯ માં સતત ૩ વાર ઈ.વી.એમ ખોટવાતા મતદારોમાં આક્રોશ -વર્ત્યો.
● સવારે મહિલાઓ તેમજ સીનીયર સીટીઝનોનું -માણ વિશેષ જોવા મળ્યું.
● મતદાન મથકો પર મતદારો માટે ઠંડા પાણીની વ્યવસ્થા આશીર્વાદરૂપ નીવડી.
● સે.૨૨ માં મતદાન કરીને પરત ફરતી બુજુર્ગ મહિલા બુથ પાસે ઢળી પડી.
● વૃદ્ધા ને ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી.
● નરેન્દ્ર મોદીના માતા હીરાબા એ સે.૨૨ માધ્યમિક શાળાએ રિક્ષામા જઈને મતદાન કર્યુ.



● મધુસુદન મિસ્ત્રીએ સે.૮ માં મતદાન કર્યુ.
● શંકરસિંહ વાઘેલા એ વાસણીયા મહાદેવ ગામમાં મતદાન કરીને કહ્યું મારો મત તો પંજા ને જ.
● સે.૬ માં ભાજપના બુથ ટેબલો જ ના મુકતા કાર્યકરોમાં આક્રોશ જોવા મળ્યો.
● મતદાનને લઇ સેકટરોના આંતરિક વિસ્તારોમાં વિશેષ ચહલ-પહલ જોવા મળી.
● સરકારી કચેરીઓની સાથે બજારો પણ બંધ રહેતા બપોરે મુખ્ય માર્ગો પર સન્નાટો જોવા મળ્યો.
● આકરી ગરમીમાં પણ મતદારોનો ઉત્સાહ યથાવત જોવા મળ્યો.
● યુવાનો વડીલોને ગાડીમાં બેસાડીને મતદાન મથક સુધી લઇ ગયા .
● જોરશોરથી થયેલા મતદાન જાગૃતિ અભિયાનને લઇ બાળકોમાં પણ ઉત્સુકતા જોવા મળી.
● બાળકો જીદ કરીને વાલીની આંગળી પકડીને મતદાન મથક જોવા પહોંચ્યા.
● મતદારોની સંખ્યામાં વૃદ્ધ મતદારો વિશેષ જોવા મળ્યા.
● કેટલાક વિસ્તારોમાં મતદારોને ઘરની બહાર કાઢવા રાજકીય પક્ષોના કાર્યકરોએ રિક્ષાઓ અને ગાડીઓ દોડાવી.
● ગઈ કાલ કરતા ગરમીનો પારો નીચો ઉતરતા મતદારોએ રાહત અનુભવી.
● ડીવાઈન ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ સે.૧ માં મતદારોને ઠંડા પાણીની બોટલોનું વિતરણ કર્યુ.
● વિદ્યાર્થીઓએ મત આપીને નીકળતા નાગરિકોને થેંક યુ કાર્ડ આપ્યું .
● સે.૧ માં પૂજય સમાનંદજી એ -થમ વાર મતાધિકારનો ઉપયોગ કર્યો.
● વી.વી.આઈ.પી સેકટરોમાં મતદાન માટે નાગરીકોમાં નીરસતા જોવા મળી.



● સે. ૨૧માં ૮૨ વર્ષના નિવૃત્ત ક્લાસ વન અધિકારી કાન્તીલાલ ચૌહાણે ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ.
● સે. ૨૨માં મનપાના પૂર્વ ચેરમેન પ્રવિણ પટેલે વહેલી સવારે મતદાન કર્યુ. તેમજ પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ પટેલે મતદાન કર્યુ.
● સે. ૨૩ મતદાન મથકની બિલકુલ નજીક ભાજપ અને કોંગ્રેસના પ્રતિક સાથેનું સાહિત્ય જોવા મળ્યું.
● સે. ૨૪માં બપોરના સમયે મતદારોમાં નિરસતા જોવા મળી.
● સે. ૨૫માં માતંગી સ્કૂલમાં ફાળવવામાં આવેલ બુથ નાનુ હોવાથી અધિકારીઓ અને મતદારોને હાલાકી ભોગવવી પડી.
● સે. ૨૯ના અસંખ્ય મતદારોનુ મતદાન યાદીના છબરડાના લીધે નામ કમી થઈ ગયુ. મતદારો મતદાનથી વંચિત રહ્યા.
● સે. ૨૯માં ભાજપ દ્વારા મતદારોને મતદાન બુથ સુધી લઈ જવા માટે ઓટોરીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી.
● સે. ૩૦ ગાંધીનગર મનપાના મેયર મહેન્દ્રસિંહ રાણાએ સવારે ૯.૦૦ વાગે મતદાન કર્યુ.
● જી.ઈ.બી. ખાતે મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ. બળબળતા તડકામાં મતદાન કરવા લાઈનો લાગી.
● વાવોલમાં સવારના ૧ કલાકમાં જ ૧૯ ટકા જંગી મતદાન થયું હતું.
● વાવોલના ૯૩ વર્ષીય હીરજીભાઈ જોષીએ ઘોડીના સહારે મતાધિકારનો ઉપયોગ કર્યો.
● સે. ૧૩માં અનેક મતદારોએ પોતાના નામ મતદારયાદીમાં શોધવા એકથી વધુ મતદાન મથક પર ફરવુ પડ્યુ હતુ.
● સે. ૧૨માં રહેતા રોહિતભાઈ સોલંકી કમરેથી નીચેના ભાગે સંપૂર્ણ



અપંગ હોવા છતા મતદાન કરવા આવી પહોંચતા અન્ય મતદારોમાં ઉત્સાહનો સંચાર થયો હતો.
● બહારગામ જતા મતદારો પોતાના બિસ્તરા, પોટલા લઈને મતદાન બુથ પર મત આપવા સીધા પહોંચ્યા.
● મોર્નિંગ વોક અને સવારમાં દૂધ લેવા નિકળેલી મહિલાઓએ સમયનો સદ્ઉપયોગ કરી એક ફેરામાં મતદાન કરી આવી.
● પોતાના બાળકોને વોટીંગ પ્રક્રિયા બતાવવા મતદાન બુથ પર સહ પરિવાર આવ્યા.

(તસવીર : દિપક જાની)



લોકસભા ચૂંટણી માટે સે-૭ પ્રાથમિક શાળા ખાતે રૂમ નં. ૧૩ને સુશોભિત બનાવવામાં આવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## વીવીપેટ મશીનથી ગાંધીનગરના મતદારો ખુશ

ગાંધીનગર લોકસભા બેઠક પર ઈવીએમની સાથે સાથે વોટર વેરીફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ (વીવીપેટ) સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સિસ્ટમથી મતદારો ખુશ જણાતા હતા.

મતદાર ઈવીએમમાં પોતાનો મત આપવા માટે બટન દબાવે છે. તેની સાથે સાથે મતદારે જે ઉમેદવારને મત આપે છે તે ઉમેદવારનું પ્રતિક અને નામ કાચની બારીમાંથી દેખાતુ હતુ. જેનાથી મતદારોને નવુ જોવા મળતા મતદારો ખુશ જણાતા હતા અને પોતે જે મતદાન કરે છે તે મત તે જ ઉમેદવારને જાય છે. તેવુ જાણી મતદારો પણ હર્ષની લાગણી અનુભવતા હતા.

## ભાજપે મતદારોનો આભાર માન્યો

ગાંધીનગર, તા. ૩૦

આજે ગાંધીનગરમાં લોકસભાની ચૂંટણીના મતદાનમાં ભારે ઉત્સાહથી વોટીંગ કરવા બદલ ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ નિતીનભાઈ પટેલે નગરના મતદારોનો જાહેર આભાર માન્યો છે. તેમણે પક્ષના સમર્થનમાં કાર્ય કરનાર તમામ હોદ્દેદારો, કાર્યકરો અને સમર્થકો પ્રત્યે પણ આભારની લાગણી પ્રગટ કરી છે.

ગાંધીનગરમાં આજે પ્રખર ગરમી હોવા છતાં મતદાતાઓએ ભારે ઉત્સાહ બતાવી ખૂબજ મોટી સંખ્યામાં ઉમટી પડી જંગી મતદાન કર્યુ છે તે બાબત અભિનંદન પાત્ર જણાવતા નિતીનભાઈ પટેલે ગાંધીનગર મહાનગર ભાજપ વતી તમામ મતદારોનો આભાર માન્યો છે. આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં કાર્ય કરનાર તમામ હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને સમર્થકોનો પણ આભાર માન્યો છે.

### અવસાન નોંધ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સ્થિત રમેશભાઈ અનેપ્રહલાદભાઈ પ્રજાપતિના પિતાશ્રી નાથાભાઈ જોઈતાભાઈ પ્રજાપતિનુ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણુ આજરોજ ગુરૂવારે, સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૧૯/૧, સેકટર-૪-એ, ગાંધીનગર ખાતે રાખેલ છે.

## શારીરિક રીતે અશક્ત મતદારોએ મતદાન કર્યુ

ગાંધીનગર, તા. ૩૦

ચૂંટણી પંચે આ વખતની ચૂંટણીને લઈ મતદાન જાગૃતિ અંતર્ગત સવિશેષ જાગૃતતા ફેલાવી છે. જેને લઈ મતદાનના દિને યુવાનો અને મહિલાઓમાં મતદાન કરવા અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. પરિણામે ગત લોકસભાની ચૂંટણીના





મતદાન કરતા આ વખતે જોરદાર ઉછાળો નોંધાયો છે ત્યારે શરીરે અશક્ત અને બિમાર વૃદ્ધાઓએ પણ મતદાન કરવા ભારે ઉત્સાહ સાથે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સે. ૨૧માં રહેતા ૮૨ વર્ષીય કાન્તીભાઈ ચૌહાણ, સે. ૨૭માં રહેતા જયંતિભાઈ સોનપાલ સહિત તેમની પત્ની વિમળાબેન પણ ખાનગી વાહનો લઈ ભારે ગરમી વચ્ચે મતદાન કર્યુ હતુ. જ્યારે સે. ૨૨માં નરેન્દ્ર મોદીના માતા હિરાબા દામોદરદાસ મોદીએ પણ મતદાન કર્યુ હતુ. બપોર બાદ પડી રહેલ કાળઝાળ ગરમીમાં પણ મતદાનને લઈ શહેરીજનોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો.



આ વખતે લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરનારની સંખ્યામાં પણ ખાસ્સો વધારો જોવા મળ્યો હતો. યુવાઓએ ભારે ઉત્સાહથી મતદાન કર્યું હતું. જેમાં (૧) સે. ૬-બીમાં રહેતી જીલ કૌશીકભાઈ ચોક્સી (જીટીયુમાં એન્જી. અભ્યાસ), (૨) અભિલાષ સંજયભાઈ તન્ના (સે. ૭-બી પ્લોટ ૫૮૫/૨, બી.બી.એ.) (તસવીર : કશ્યપ નિમાવત)

## બન્ને પગે વિકલાંગ રોહિતભાઈએ મત આપતા અન્ય મતદારો પણ રોમાંચિત થયા

ગાંધીનગર, તા. ૩૦

સમગ્ર ગાંધીનગરમાં આજે લોકશાહીનુ મહા પર્વ ભારે ઉત્સાહથી ઉજવાયુ હતુ અને મતદારોએ આળશ ખંખેરી આકરી ગરમીની ચિંતા કર્યા વગર તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સેક્ટર-૧૨માં રોહિતભાઈ સોલંકી નામના કમરના નિચેના ભાગે સંપૂર્ણ અપંગ એવા મતદારે પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી અન્ય મતદારો માટે ઉદાહરણરૂપ દાખલો બેસાડ્યો હતો.

રોહિતભાઈ સોલંકી બંને પગે વિકલાંગ હોવા છતાં બે હાથેથી ચાલીને મત આપવા આવી પહોંચ્યા હતા. તેમનો મત આપવા માટેનો ઉત્સાહ જોઈને હાજર અન્ય મતદારોના મોઢામાંથી પણ 'આહ' અને 'વાહ' એવા ઉદ્ગારો નીકળી પડ્યા હતા. રોહિતભાઈને મત આપવામાં ચૂંટણી કર્મચારીઓએ અગ્રીમતા આપી હતી અને જ્યારે તેમણે મત આપ્યો ત્યારે લાઈનોમાં ઉભેલા અન્ય મતદાતાઓએ ઉત્સાહથી વધાવી લીધા હતા.

## ચૂંટણીમાં ફરજ બજાવતા પોલીસ જવાનોએ બપોરના ભોજનમાં પુરી-શાક આરોગ્યા

### સેક્ટર-૭ અને ૨૧ પોલીસ સ્ટેશને પોતાની હદમાં આવતા જવાનો માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરી

ગાંધીનગર, તા. ૩૦

સમગ્ર રાજ્યમાં લોકસભાની ચૂંટણી ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાઈ ગઈ. ગાંધીનગર શહેર સે. ૭ અને સેક્ટર-૨૧ પોલીસસ્ટેશન દ્વારા સુરક્ષા જવાનો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોંગ્રેસ દ્વારા બુથ એજન્ટો માટે પણ જમવાની વ્યવસ્થા કરાઈ હતી. મતદાન કરાવનાર અધિકારીઓએ પારલે બિસ્કીટ ખાઈ દિવસ પસાર કરવો પડ્યો હતો.

ગાંધીનગર સહિત ગુજરાતની ૨૬ બેઠકો પર આજે મતદાન યોજવામાં આવ્યુ હતુ. આ મતદાનની સાથે સાથે મતદાનમાં કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સુરક્ષાનો પુખ્તો ઈંતજામ કરવામાં આવ્યો હતો અને સુરક્ષા કરતા જવાનો પોલીસ સ્ટેશનો દ્વારા ધ્યાન રાખવામાં આવ્યું હતું.

ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ સ્ટેશન અને સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન દ્વારા પોતાની હદમાં આવતા વિસ્તારમાં સુરક્ષા પુરી પાડતા જવાનો માટે વિશેષ જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં સેક્ટર-૭ પોલીસે બપોરના ભોજનમાં પુરી, બે શાક, ગુલાબજાંબુ, છાશ અને મિનરલ પાણીની વ્યવસ્થા કરી હતી.

તેમજ સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન દ્વારા પોતાની હદમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે થેપલા, દહીં અને ભરેલા મરચાનું ભોજન આપવામાં આવ્યું હતું. આ વ્યવસ્થાથી સુરક્ષા બજાવતા પોલીસ કર્મચારીઓમાં સંતોષ જોવા મળતો હતો. પોલીસ જવાનોએ સુરક્ષા માટે ખડે પગે રહેવુ પડતુ હોય છે. ત્યારે પૌષ્ટીક ભોજન મળતા હળવા જણાતા હતા.

ચૂંટણી દરમિયાન બુથ ઉપર પોતાના એજન્ટ મુકવામાં આવતા હોય છે. આ બુથમાં ભાજપ, કોંગ્રેસ, આપ હોય કે અપક્ષ ઉમેદવાર હોય પોતાના એજન્ટો અવશ્ય બુથ પર બેસાડતા હોય છે. ત્યારે આજે કોંગ્રેસ દ્વારા બેસાડવામાં આવેલા કાર્યકરોને પુરી, શાક અને મરચા પિરસ્યા હતા. આ ચૂંટણીમાં પોલીસ અને પોતાના કાર્યકરોનું ધ્યાન પક્ષ દ્વારા રાખવામાં આવ્યું હતું.

પરંતુ ચૂંટણીની કામગીરીમાં જોતરાયેલા અધિકારીઓ માટે તંત્ર દ્વારા બપોરના જમવા માટે કાઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. અને પારલે બિસ્કીટથી ચલાવવુ પડ્યુ હતુ. આખો દિવસ મતદાન કરાવનાર અધિકારીઓ પણ તંત્રના આવા વલણથી નાખુશ જણાતા હતા.

ત્યારે એક અધિકારીએ પોતાનો રોષ ઠાલવતા જણાવ્યુ હતુ કે આ બિસ્કીટ કુતરા પણ ખાતા નથી ત્યારે અમને આ બિસ્કીટ આપવામાં આવ્યા છે. અમે શુ કરીએ અમારે તો નોકરી કરવાની છે તો કરવી જ પડશે ને. તંત્ર દ્વારા અધિકારીઓ માટે બળબળતા તાપમાં કોઈ ખાસ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. તેથી અનેક કર્મચારીઓ તંત્ર સામે પોતાનો બળાપો ઠાલવ્યો હતો. અને કહ્યુ હતુ કે આ જલદી પતે તો સારૂ.

## 'આમ' આદમી પાર્ટી દ્વારા નરેન્દ્ર મોદીની ચૂંટણી પંચમાં ફરિયાદ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતભરમાં ૨૬ બેઠકો ઉપર લોકસભાની ચૂંટણીનું મતદાન ચાલી રહ્યુ હતુ. અનેક વિસ્તારમાં લોકો મોટી સંખ્યામાં મતદાન માટે નીકળી રહ્યા હતા. જે સંસદીય લોકશાહી માટે ચોક્કસ આવકારદાયક છે. પરંતુ આજે નરેન્દ્ર મોદીએ મતદાન બાદ પક્ષના ચિન્હની પ્રતિકૃતિ રજૂ કરી આચારસંહિતાનો ભંગ કરતા આમ આદમી પાર્ટી દ્વારા ચૂંટણી પંચને તે અંગે ફરિયાદ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતની ૨૬ બેઠકો માટે આજે મતદાન યોજાયુ હતુ. ત્યારે વડોદરા લોકસભા બેઠકના ઉમેદવાર નરેન્દ્ર મોદી દ્વારા પોતાના પક્ષના ચૂંટણી ચિન્હ કમળની પ્રતિકૃતિ મીડિયા સમક્ષ રજૂ કરી હતી અને આચારસંહિતાનો છડેચોક ભંગ કરવામાં આવ્યો છે. આથી આમ આદમી પાર્ટી દ્વારા ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાવી છે. અને આ ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરવામાં આવે તેમજ તેમની વિરૂદ્ધ કાનૂની પગલા ભરી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.



સે. ૬-બીમાં રહેતા અનિલભાઈ ભટ્ટ અને તેમના પત્ની દિપાબેન ભટ્ટ લોકસભા ચૂંટણી મતદાન કરવા હૈદ્રાબાદથી (આંધ્રપ્રદેશ)થી આવ્યા હતા. જેઓ ટેક્ષ કન્સલટન્ટ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૦૪

### તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૧૯ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦, ૧૦.૦૦
રીવોલ્વર રાની : ૧૨.૪૫, ૬.૪૫
: સ્ક્રીન-૩ :
સન ઓફ ગોડ (અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦
કાંચી : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
કાંચી : ૨.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦, ૬.૩૦
રીવોલ્વર રાની : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
સમ્રાટ એન્ડ કો. : ૧૦.૦૦ ● કાંચી : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦ ● રીવોલ્વર રાની : ૧૨.૧૫

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
રીવોલ્વર રાની : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૩૦
કાંચી : ૪.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
કાંચી : ૧૦.૧૫(સવારે), ૧૦.૧૫(રાત્રી)
સમ્રાટ એન્ડ કો. : ૧.૧૫, ૭.૧૫ ● રીવોલ્વર રાની : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટ્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦, ૭.૦૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.
**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.
**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.
**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.
**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક ચિંતનનો વિશેષ યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ચિંતનનો યોગ. વિશેષ કાર્યોમાં યાત્રા પ્રવાસનું આયોજન થશે.
**કન્યા** : ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.
**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.
**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.
**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.
**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.
**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.
**મીન** : મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે.

### ચિરવિદાય

● સ્વ. ઠાકોરભાઈ રણછોડભાઈ દેસાઈ (ઉ.વ. ૮૭) પ્લોટ નં. ૧૦૫૭/૧, સેકટર-૩/ડી, ગાંધીનગર.
● સ્વ. સજનબેન ખોડાજી ઠાકોર (ઉ.વ. ૪૦) મુ.પો. ચાંદીસણા, તા. કલોલ, જિ. ગાંધીનગર.
● સ્વ. રામાજી જભાજી ઠાકોર (ઉ.વ. ૮૫) મુ.પો. આદરજ મોટી, તા., જિ. ગાંધીનગર.